છેતરાઈ જવું કે છેતરી લેવું

આજની આ દુનિયાનો દસ્તુર છે, અહિયાં છેતરી જનાર હોંશિયાર મનાય છે અને છેતરાઈ જનાર ગુનેગાર. ખબર નથી પડતી આ કેમનું થઈ ગયું, માણસ બદલાયો કે દુનિયા?

એક છોકરના હાથમાં પેન્સિલ છોલવાનો નવો સંચો જોઈ એની મમ્મીએ પુછ્યું, 'અલ્યા, આ નવો રમકડાં જેવો સંચો ક્યાંથી લાવ્યો?'

'મારા એક ફ્રેંડને મેં મારૂ નકકામું રમકડું આપ્યું અને બદલામાં આ સંચો લઈ લીધો.' દીકરાની વાત સાંભળી મમ્મી રાજી થઈ. પપ્પાએ મંદ મંદ મુસ્કાન સાથે બેટાને માથે હાથ ફેરવ્યો. માબાપ બંનેને લાગી રહ્યું છે કે એમનો દીકરો બહુ ચતુર છે, ક્યાંય પાછળ નહીં પડે, હંમેશા આગળ જ વધતો રહેશે. કહેતા દુખ થાય છે પણ આ સાચું છે, આવા લોકો દુનિયામાં ક્યાંય પાછળ નથી પડતા. આવો દીકરો પાછો કેટલાય માબાપને ગમતોય હોય છે.

એક બીજો કિસ્સો જુઓ, નોકરીથી થાકીને માણસ ઘરે આવે છે. ઘરમાં એની જ રાહ જોવાઈ રહેલી. આજે એક સહી કરે એને દસ હજાર રૂપિયા મળવાના હતા. એ રકમ ક્યાં વપરાશે એનું ઘરના બધાએ પ્લાનિંગ પણ કરી નાખેલું અને એ જ વખતે પુરુષે કહ્યું, 'હું રૂપિયા નથી લાવ્યો. સહી કરતા મારા હાથ ધ્રુજી ઉઠ્યા.' ઘરનાં બધાના મોંઢા પડી ગયા. ઘરમાં થોડીવાર સ્મશાનવત શાંતિ છવાઈ ગઈ અને પછી ધીરે ધીરે ચણભણ ચાલું થઈ. 'આખી દુનિયા જલસા કરે છે, બસ આપણે જ ઈમાનદારીનું પૂંછડું પકડી રખવાનું.ત્ત 'તમે સહી નહીં કરી તો કોઈ બીજો કરી દસ હજાર રોકડા કરી લેવાનો, ભગવાન જાણે આમનામાં બુધ્ધિ ક્યારે આવશે?'

લવ યુ જિંદગી

નિયતી કાપડીયા

એક બાળક ભૂલ કરે, કોઈને છેતરીને એની સસ્તી વસ્તુના બદલામાં બીજાની મોંઘી વસ્તું લઈ આવે એ કામ વખાણવા લાયક છે કે વખોડવા લાયક? બાળક તો હજી નાદાન છે પણ બીજાને છેતરવું ગલત છે એ એને કોણ સમજાવશે? ઘરનું માણસ સીધું છે એને ખોટા કામ કરવાની ફાવટ નથી તો આ ગર્વ કરવા જેવી વાત છે કે ગુસ્સો કરવા જેવી? આ બધા જ સવાલ વિષે આપણે વિચારીએ છીએ એના જવાબેય સરસ મજાનાં આપીએ છીએ, ફરક એટલો કે જ્યારે આપણી સાથે સાચુકલું આવું કંઈ ઘટી રહ્યું હોય ત્યારે આપણે એક કોમન થઈ ગયેલો શબ્દ, 'વ્યવહારું' વાપરી આપણી જવાબદારીમાથી છટકી જઈએ છીએ. આજે જમાનો બીજાને છેતરવાનો ચાલી રહ્યો છે, છેતરાઈ જવાનો નહીં.

કોઈ શાકભાજીવાળો તમને ત્રીસનાં ભીંડા ચાલીસમાં પકડાવી જાય ત્યારે કેવો જીવ બળે છે. જાણે રાજપાટ લુંટાઈ ગયું અને હવે વન વન ભટકવાના દિવસો આવી ગયા. અહિયાં વાત દસ રૂપિયા વધારે અપાઈ ગયા એની નથી પણ દસ રૂપિયા કોઈ છેતરીને પડાવી ગયું એનું લાગી આવે. આપણે એમ ના વિચારી શકીએ કે, હશે બિચારો આખો દિવસ તડકામાં લારી લઈને ફરે છે દસ રૂપિયા વધારે ભલે લઈ ગયોપમનની શાંતિ કરતા આપણને દસ રૂપિયા વધારે લાગે છે. એક ભાઈ શાકમાર્કેટ પાસે ગાડી પાર્ક કરી રહેલા ત્યાં જ બાજુમાં જામફળ લઈ ઊભેલી એક વૃધ્ધાએ કહ્યું, 'સાહેબ સરસ ફળ છે લઈ જાઓ, ઘરવાળી રાજી થશે.' સાહેબે કહ્યું, 'સારા જોઈને થેલીમાં ભરી આપ.' નેવું રૂપિયાનું બિલ થયું ભાઈએ રાજી થઈને સોની નોટ આપી. ઘરે જતાં જ ઘરવાળી બગડી, બધા ફળ પાકી ગયેલા અને એકાદ દિવસમાં બગડી જાય એવી હાલતમાં હતા. એ ભાઈને અંદાઝ આવી ગયો કે એ માજી એમને છેતરી ગયા છતા એમણે હસીને કહ્યું, 'એ માજીને વધારે જરૂર હશે, સો રૂપિયામાં આપણું શું લૂંટાઈ ગયું?' વાત ત્યાં જ પૂરી થઈ ગઈ, ના કોઈ અફસોસ, ના કોઈ વસવસો, બસ મનની શાંતિ અકબંધ રહી...

એવો તો કેવડો મોટો ફાયદો થઈ જાય કોઈને છેતરી લેવામાં અને એવું તે શું મોટું નુકશાન થઈ જાય કોઈ વાર છેતરાઈ જવામાં? હવે કોઈ એમ ના કહેતા કે અમે તો લગ્ન કરવામાં છેતરાઈ ગયા, સામેવાળાને પણ એવું જ લાગતું હશે!

અમસ્તું,

તમે બીજાને છેતરીને ખુશી કમાઈ શકો, પણ એ જ વખતે મનની શાંતિ ચોરાઈ જાય છે!

નવનીત એજ્યુકેશન લિમીટેડ દ્વારા HQ, એક એવી બ્રાન્ડ કે જે કાર્ય સાથે તમારા સંબંધને વધુ ગાઢ બનાવશે

સ્ટેશનરી પ્રોડક્ટ્સની વિદ્યાર્થી રેન્જમાં એક સફળ સમયગાળો પસાર કર્યા બાદ શિક્ષણ ક્ષેત્રે એક વિશ્વસનીય બ્રાન્ડ એવી નવનીત એજ્યુકેશન લિમીટેડે બ્રાન્ડ HQ સાથે ઓફિસ સ્ટેશનરી સેગમેન્ટમા પણ ઝંપલાવ્યુ છે. જે એક્ઝિક્યુટીવ્સ સારી રીતે ડિઝાઇન કરેલ અને વિકસાવાયેલ પ્રોડક્ટ્સની કદર કરે છે તેમને ધ્યાનમાં રાખવામાં આવ્યા છે. આ રેન્જ પેપર આધારિત સ્ટેશનરી પ્રોડક્ટસ ઓફર કરે છે જે કાલાતીત અને સમજવા માટે સરળ છે. કિંમતને આકર્ષક રાખીને સામગ્રી પ્રાપ્ત કરવામાં ખાસ પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. HQ સ્ટેશનરી પ્રોડક્ટ્સ, તેમની નવીન અને સરળ ડિઝાઇન્સ, દોષરહિત ગુણવત્તા અને મજબૂત ઉપયોગિતા મૂલ્યને કારણે કાર્યસ્થળે લોકપ્રિયતામાં વધારો પ્રાપ્ત કરી રહી છે. નવી બ્રાન્ડ સાથે નવનીત યુવાન પ્રાપ્તકર્તાઓને સેવા પૂરી પાડી રહી છે અને ડિઝાઇનની દ્રષ્ટિએ અમૂર્ત મૂલ્યની ઓફર કરતી વસ્તુઓ માટે કરામત છે. HQ પેપર આધારિત સ્ટેશનરી પ્રોડક્ટ્સની વિશાળ રેન્જ ઓફર કરે છે, સંપૂર્ણ અને સ્ટાઇલીશ એસેસરી ઇચ્છતા કદરદાનો માટે અત્યંત યોગ્ય છે. HQ ઇઝી ડીસ્ક એ અનેક ભાર મુકવામાં આવેલી નવીનતાઓમાંની એક છે. આ નોટબુકમાં જે તે વ્યક્તિ જ્યાં જરૂર હોય ત્યાં સરળતાથી સેન્ટ્રલ ડીસ્ક ફાઇલિંગમાંથી દૂર કરીને અને ફરીથી તેને નાખીને પેજીસને ઉથલાવી શકે છે. તેજ રીતે PU નોટબુક્સ, લીગલી ૧૮, કેલીગ્રાફી ગણેશા જેવી અન્યો ઉપરાંતની પ્રોડક્ટ્સને વિવિધ યૂઝર્સની રુચિ અને પસંદગીને ધ્યાનમાં ડિઝાઇન કરવામાં આવી છે.



સંસ્કૃત ભારતી દ્વારા

રાજ્યપાલની અધ્યક્ષતામાં રાજ્યના કુલપતિઓનો ઓનલાઈન સંવાદ

ગાંધીનગર, તા. ૨૮

સંસ્કૃતભારતીએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિના સંદર્ભમાં ગુજરાતના કુલપતિઓની વિશેષ સંવાદ બેઠક બોલાવવામાં આવી હતી, જેમાં ગુજરાત રાજ્યના માનનીય મહામહિમ રાજ્યપાલ દેવવ્રત આચાર્યજીનું માર્ગદર્શન પ્રાપ્ત થયું. પદ્મશ્રી ચમૂ કૃષ્ણશાસ્ત્રી મહોદયનું માર્ગદર્શન પ્રાપ્ત થયું. ગુજરાત રાજ્યના અગ્રસચિવ શ્રીમતી અંજુબેન શર્મા મેડમે સંસ્કૃતના વિકાસ માટે હરહંમેશ તત્પરતા દર્શાવી, ગુજરાત રાજ્યની વિવિધ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓએ સંસ્કૃત સંરક્ષણ અને સંવર્ધન માટે પોતાની યુનિવર્સિટીની સંકલ્પના ઉજાગર કરી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્કૃત ભારતીના ન્યાસી ભાગ્યેશ જહા મહોદયએ સંયોજક તરીકે કામ સંભાળ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એચ. કે. કોમર્સ કોલેજ, અમદાવાદના આચાર્ય અને સંસ્કૃતભારતી ગુર્જર પ્રાંતના સંપર્કપ્રમુખ ડૉ. આશિષભાઈ દવે મહોદયે કર્યું હતું. આ કાર્યક્રમની પૂર્વભૂમિકા સંસ્કૃતભારતીના ક્ષેત્ર સંગઠનમંત્રી હિમાંજય પાલિવાલ મહોદયે કરી હતી. કાર્યક્રમમાં મંગલગાન ડૉ. ભાવપ્રકાશ ગાંધી મહોદય દ્વારા કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં ગુજરાત રાજ્યમાં ઉચ્ચ-શિક્ષણ ક્ષેત્રમાં સંસ્કૃત સંરક્ષણ અને સંવર્ધન માટેનો સંવાદ થયો હતો. વખતો વખત આ પ્રકારની બેઠકોનું આયોજન કરવામાં આવે તેવા સૌના સૂચનો સાથે બેઠક સંપન્ન થઈ હતી. આ બેઠકમાં સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ગોપબંધુ મિશ્ર, ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડો. હિમાંશુ પંડ્યા અને ઉપકુલપતિ ડૉ. જગદીશભાઈ ભાવસાર, દ્વઝ્ઝના માર્ગદર્શક ડૉ. એ. યુ. પટેલ મહોદય, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કુલપતિ પ્રો. નીતિભાઈ પેથાણી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ પ્રો. જે. જે. વ્હોરા, ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરાના કુલપતિ પ્રો. પ્રતાપસિંહ ચૌહાણ, કચ્છ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. જયરાજસિંહ જાડેજા, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કા. કુલપતિ હર્ષદભાઈ શાહ, ઓઈઆઈટીઈના કુલપતિ ડૉ. હર્ષદભાઈ પટેલ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ચેતનભાઈ ત્રિવેદી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિ પ્રો. અમીબેન ઉપાધ્યાય. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ઈચાર્જ કુલપતિ પ્રો. હેમાલીબેન દેસાઈ, એચ.આર.ડી.સી. ગુજ.યુનિ.ના ચેરમેન પ્રો. જગદીશભાઈ જોષી, ગુજરાત સંસ્કૃત શિક્ષણ બોર્ડના ચેરમેન જયશંકરભાઈ રાવળ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.



બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ કોમર્સના વિદ્યાર્થીઓના સર્વાગી વિકાસ માટે એમ.ઓ.યુ. થયા

ગાંધીનગર, તા. ૨૮

બાપુ ગુજરાત નોલેજ વિલેજ સંચાલિત શંકેરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ વિદ્યાર્થીઓના બાહય અને આંતરિક વિકાસ માટે વર્ષ દરમ્યાન અનેક પ્રવુતિઓ કરે છે. આ અનુસંધાને વિદ્યાર્થીઓને સાયન્સ વિષય પર રિસર્ચ, પ્લેસમેન્ટ અને યોગ્ય ટ્રેનિગ મળી રહે તે હેતુથી "પ્રેરણા બાયોઈનોવેશન રિસર્ચ પ્રાઈવેટ લિમિટેડ" કંપની સાથે એમ.ઓ.યુ. થયા હતા. આ એમ.ઓ.યુ.થી વિદ્યાર્થીઓને ઓનલાઈન માધ્યમથી માહિતી પુરી પાડવામા આવશે અને વિદ્યાર્થીઓ તેને ફાળવેલા સમય મુજબ કંપની ની રૂબરૂ મુલાકાત લઈ તેમના અભ્યાસક્રમ મા આવતા સાધનોની થિયરીનુ પ્રેકટિકલ જ્ઞાન મેળવી શકશે. આ ઉપરાંત આ એમ.ઓ.યુ. થી વિદ્યાર્થીઓ ભવિષ્યમા આવનારા જોબ ઈન્ટરવ્યૂમા પણ સારો દેખાવ કરી શકશે.

આ ઉપક્રમે સંસ્થાના ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા, ડાયરેક્ટર પ્રો. રવિકુમાર, પ્રિન્સિપાલ ડો. ઉમંગકુમાર પંડ્યા, "પ્રેરણા બાયોઈનોવેશન રિસર્ચ પ્રાઈવેટ લિમિટેડ કંપનીના" સી.ઈ.ઓ.ડો. દિપક બારોટ તેમજ પ્લેસમેન્ટ ઓફિસર પ્રો.પાર્થ રાવલ, પ્લેસમેન્ટ કમિટી ના મેમ્બર પ્રો.શાનુ ખંડેલવાલ અને પ્રો.નેહા બિહોલા ઉપસ્થિત રહ્યા હતા.

સમર્પણ સ્કૂલ ઓફ લૉનું ફાઈનલ ઈયરમાં ઝળહળતુ પરિણામ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ સ્કૂલ ઓફ લો ની વર્ષ ૨૦૧૯-૨૦ માં ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાયેલ ફાઈનલ ઈયર સેમિસ્ટર-૬ ની પરીક્ષામાં કોલેજના વિદ્યાર્થીઓ ગુજરાત યુનિવર્સિટી માં પ્રથમ દસ ક્રમાંકમા આવ્યા હતા. જેમાં ગોયલ નીતુ ત્રિતિય ક્રમાંકે, પવાર ચંદ્રકાંત પાંચમાં ક્રમાંકે અને દેવલિયા હિતેશ છઠ્ઠા ક્રમાંકે આવ્યા હતા. સંસ્થાના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, રજીસ્ટ્રાર એમ.ડી. પાંડે, કોલેજના પ્રિન્સિપાલ પી.કે. પંડ્યા તથા તમામ સ્ટાફે અભિનંદન પાઠવ્યા હતા.

મહાત્મા ગાંધીનાં પુસ્તકોનું વિતરણ કરી ગાંધી વિચારનો ફેલાવો કરાયો

ચિલોડા,તા. ૨૮

ગૂજરાત વિદ્યાપીઠ, મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ સાદરાના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ મહાત્મા ગાંધીનાં પુસ્તકોનું વિતરણ કરી ગાંધી વિચારનો ફેલાવો કરવાની પ્રવૃત્તિ હાથ ધરાઈ હતી.

સંકુલ સાદરા આજુબાજુનાં ૧૦ ગામોમાં ૧૦૦ પુસ્તકોની વહેંચણી વિનામૂલ્યે કરી ગાંધી વિચારનો ફેલાવો થાય તેવા પ્રયાસો કરાયા હતા. જેમાં ગાંધીકથા ગીત, મારી જીવન કથા અને મંગળ પ્રભાત નામના પુસ્તકોનો સમાવેશ થાય છે. આ કાર્યમાં રાષ્ટ્રીય સેવા યોજના એકમના કાર્યક્રમ સંગઠક ડૉ. મોતીભાઈ દેવું અને ડૉ. દિવ્યેશ ભટ્ટનો સહકાર મળ્યો હતો.



ગાંધીનગરના પાંત્રીસ સાહિત્યકારોની રચનાઓને "ગુજરાત દિપોત્સવી અંક"માં સ્થાન

ગાંધીનગર, તા. ૨૮

'ગુજરાત દીપોત્સવી' એ ગુજરાતનો શિરમોર સમાન કહેવાય છે. દળદાર ગુજરાત દીપોત્સવી અંક આજે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું. ગુજરાત દીપોત્સવી અંકના તંત્રી તરીકે અશોક કાલરિયા, સહ તંત્રી તરીકે અરવિંદ પટેલ સંપાદક તરીકે પુલકભાઈ ત્રિવેદી, ઉપ સંપાદક તરીકે જગદીશ આચાર્ય, સહ સંપાદક તરીકે ઉર્વી રાવલ, શીરિન સૈયદ અને બેલા મહેતાએ સુંદર સેવાઓ આપતા અંક દીપી ઊઠ્યો છે.

માહિતી ખાતા દ્વારા પ્રતિવર્ષની આગવી પરંપરા મુજબ ગુજરાતના સાહિત્ય, કલા, ઈતિહાસ, સાંસ્કૃતિક વિરાસત અને સંસ્કાર વારસાને ગુજરાત દિપોત્સવી અંકના માધ્યમથી પ્રસ્તુત કરવામાં આવે છે એ પ્રમાણે આ વર્ષે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત દિપોત્સવી અંક ૨૦૭૬નું આજે વિમોચન કર્યું હતું. એમણે વિમોચન વેળા દીપોત્સવી અંકના વિવિધ સાહિત્ય સર્જનનું રસપૂર્વક વાંચન કર્યું હતું. એમણે કહ્યું કે, કોરોના મહામારીના સમયમાં શબ્દ અને સાહિત્યના સથવારે દિપોત્સવીની મંગલ કામનાઓ જ્ઞાનના પ્રકાશને વધુ પ્રજ્જ્વલિત કરશે. ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠિત સર્જકોનું સાહિત્યસર્જન સંકલિત કરીને દિપોત્સવી અંક પ્રસ્તુત કરવા બદલ રાજ્યના માહિતી ખાતાના તમામ કર્મયોગી મિત્રોને એમણે હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યાં હતાં. ગુજરાત દીપોત્સવી અંક સાહિત્ય પ્રેમીઓને હંમેશા આકર્ષીત કરે છે.



ગાંધીનગર માટે આનંદની વાત એ છે કે આ ગુજરાત દીપોત્સવી અંકમાં શહેરના ઉપ સાહિત્યકારોની રચના સ્થાન પામી છે. જેમાં ડો. વિષ્ણુ પંડ્યા, દોલત ભટ્ટ, નટુભાઈ પરમાર, વી. એસ. ગઢવી, પુલક ત્રિવેદી, ડો. કેશુભાઈ દેસાઈ, રાઘવજી માધડ, ભી. ન. વણકર, સંજય થોરાત , પ્રવિણ ગઢવી, હરિકૃષ્ણ પાઠક, ભર્ગદેવ ભટ્ટ, નિપૂણ ચોકસી, પ્રકાશ લાલા, દલપત પઢીયાર, ભાગ્યેશ જહા, ફિલિપ ક્લાર્ક, કિશોર જિકાદરા, અનંત પટેલ, રમેશ ઠક્કર, ભાનુપ્રસાદ પુરાણી, ડો કનૈયાલાલ ભટ્ટ, ડો. ધૈવત શુક્લ, પ્રજ્ઞા પટેલ, રમણ વાઘેલા, ડો મુકેશ જોશી, શૈલેષ પંડયા 'ભીનાશ', પ્રતાપસિંહ ડાભી 'હાકલ', નટવર હેડાઉ, ભસ્માંગ માંકડ અને સંજીવ પંડયા વગેરેની રચનાઓ આ ગુજરાત દીપોત્સવી અંકમાં સ્થાન પામી છે.

સોજા હાઈસ્કૂલના ઉપક્રમે

સ્વૈચ્છિક નિવૃત્તિ લેનારા નીરૂબેનનો વિદાય-શુભેચ્છા સન્માન સમારોહ સંપન્ન

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાની લબ્ધ પ્રતિષ્ઠિત સેવાભાવી શૈક્ષણિક સંસ્થા 'શેઠ એચ. એમ. સાર્વજનિક હાઈસ્કૂલ, સોજા' ના ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના સ્વૈચ્છિક નિવૃત્તિ સ્વીકારનાર સારસ્વત શ્રીમતી નીરૂબેન પટેલ (સોલૈયાવાળા)નો વિદાય-શુભેચ્છા સન્માન સમારોહ આજ રોજ આયોજિત કરવામાં આવ્યો હતો. સોજા હાઈસ્કૂલમાં સને ૨૦૦૨ થી સતત કાર્યરત અને અવિરત ૨૮ વર્ષ સુધી ફરજ બજાવતા નીરૂબેન ઉ. મા. વિભાગમાં ભણાવાતા તેઓના વિષયના ઊંડા અભ્યાસુ, તજજ્ઞ તથા નિષ્ણાત શિક્ષિકા હતા.

નિવૃત્ત થયેલ નીરૂબેનને વસમી વિદાય આપતાં શાળાના સેવક મિત્રો, બિનશૈક્ષણિક કર્મચારીઓ અને શિક્ષકગણ એ પોતાનાં યાદગાર પ્રસંગો-વિચારો-મંતવ્યો-સંસ્મરણો વાગોળ્યાં હતાં. શાળા પરિવાર તરફથી શ્રીફળ અને સાકર દ્વારા શુભેચ્છાઓ અર્પણ કરવામાં આવી હતી. સારસ્વત સ્ટાફ તરફથી બહેનશ્રીને ભેટ-સોગાદ અર્પણ કરી ઋણ અદા કરવામાં આવ્યું હતું.

નિવૃત્ત થયેલા શ્રીમતી નીરૂબેને પણ ગળગળા થઈ વિદાય લીધી હતી. સ્વૈચ્છિક નિવૃત્તિ જાહેર કરનાર શિક્ષિકા શ્રીમતી નીરૂબેનનું શેષ જીવન સમાજસેવી, ધાર્મિક અને શૈક્ષણિક સેવાર્થે વ્યતિત થાય અને તેઓનું સ્વાસ્થ્ય તંદુરસ્ત - નિરોગી-નિરામય બની રહે તેવી શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી હતી.

જન્મદિને વધામણી

અશ્વિન એ પટેલ
મો. ૭૬૦૦૩ ૭૯૪૪૩

સનાયા
સંદિપકુમાર રાઠોડ

મોનાબેન આર
કડવાતર

ધર્મ મેહુલ વ્યાસ
મો. ૯૯૯૮૪૫૯૯૯૯

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક